

# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૪** **અંક : ૯૨** **એપ્રિલ - ૨૦૨૨**

**website : www.ashaktashram.org**

**સંપાદકો :** ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ :** શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ :** શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## શ્રીકૃષ્ણની બાળલીલાના આધ્યાત્મિક અર્થો

શ્રીકૃષ્ણ એટલે પ્રેમ. એ પ્રેમાવતાર છે. બળરામ એટલે પરાક્રમ. તેઓ બલાવતાર છે. કંસ એટલે કલિયુગ. કલિયુગને દોષો ગમે છે. તે દોષોને પાળે પોષે છે, પ્રોત્સાહિત કરે છે. ગુણો તો તેને નજરે દીઠા ગમતા નથી. કંસરૂપી કલિયુગને વાસના તો ગમે પણ નિર્વ્યાજ પ્રેમ ન ગમે. વિશુદ્ધ પ્રેમ કંસનો શત્રુ છે. આ શુદ્ધ પ્રેમ દ્વારા જ કંસરુપી કામ મરાવાનો છે. એટલે તે પ્રેમરૂપી શ્રી કૃષ્ણને મારી નાંખવા જુદા જુદા અસુરોને મોકલીને ભરપૂર પ્રયત્નો કરે છે.

**અંગ પરિવર્તન લીલા :** આધ્યાત્મિક દૃષ્ટિએ અંગ પરિવર્તન એટલે પડખું ફેરવવું. પડખું ફેરવવું એટલે વિશુદ્ધ પ્રેમને સંસાર તરફથી પરમ તત્વ તરફ વાળવો. પ્રેમનું પડખું સાંસારિક સંબંધો પ્રત્યે વળેલું રહે તો આધ્યાત્મિક પ્રગતિ ન થાય. સંસારાભિમુખ પડખું બદલીને પરમ તત્વ તરફ વળવું એવો આ અંગ પરિવર્તન લીલાનો અર્થ છે.

**શકટાસૂર વધ લીલા :** બાળકૃષ્ણને શકટ (એટલે ગાડામાં) સુવડાવેલાં. બાળકૃષ્ણે પાટુ મારીને ગાડાને ઉંધુ પાડી, પોતાની આસપાસમાં ભરેલી ભોગ્ય વસ્તુઓને ઢોળી અને વિખેરી નાંખી એ ઘટનાને શકટાસુર વધ લીલા કહે છે. આ લીલાનો અર્થ સમજીએ. અધ્યાત્મમાર્ગી એકાંતપ્રિય સાધકે ખટપટરૂપી અસુરનો વારંવાર નાશ કરવો જરુરી હોય છે. અધ્યાત્મ સાધનામાં સાધકની દૃષ્ટિ તથા રૂચિ સ્વલક્ષી હોવી જરુરી છે. જો એ સંસારની પંચાતમાં પડી એની ખટપટમાં રાચતો રહે તો એ પોતાનું લક્ષ્ય ગુમાવી બેસે. આમ શકટાસૂરનો વધ એ સાંસારિક પ્રપંચ અને ખટપટનો નાશ સૂચવે છે.

**તૃણાવર્તવધ લીલા :** તૃણાવર્ત એટલે વંટોળિયો, ચક્રવાત. સાસારિક મનુષ્યના જીવનમાં આવો વંટોળિયો શાનો આવે છે ? આધ્યાત્મિક દૃષ્ટિએ મનુષ્ય જીવનમાં તૃણાવર્ત એટલે કામવાસનાનો વંટોળિયો, કામભાવ આવે છે ત્યારે વંટોળિયો થઈને આવે છે. તેના પ્રચંડ વેગમાં ભલભલા માણસો અને સાધકો તણખલાની માફક ઉડી જતા હોય છે. આ તૃણાવર્ત એટલે કોઈ ઐતિહાસિક અસૂર નહિ પણ સાધકને એના આંતર જગતમાં હાલકડોલક કરી અત્યંત ત્રાસ આપનાર કામાવેગ સાધકની સાધનાની અવસ્થામાં કોઈવાર ચક્રવાત થઈને હાહાકાર મચાવી દેનાર આવો કામાવેગ પણ આવે છે. જે સાધક શરણાગત લઈને પરમાત્માને ચરણે ચોંટી રહ્યા હોય તેને આ વંટોળિયો ઉડાવી ન શકે, બાકી એની સામે ટકી રહેવાની તાકાત સામાન્ય માણસની હોય નહિ. માણસના શાસ્ત્રોની દૃષ્ટિ છ આંતરિક શત્રુ છે; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. એ છ રિપુ પૈકી કામરિપુની વાત આ લીલામાં અભિપ્રેત છે.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખનો પત્ર

છેલ્લા ૩૦ દિવસથી યુક્રેન જેવો નાનો દેશ મહારથી રશિયા જેવા દેશની સામે ટક્કર લઈ રહ્યો છે. રશિયાને દુનિયાના દેશો સામે પોતાનું આધિપત્ય સંકટમાં મુકાતું હોઈ તેમ લાગવાથી યુક્રેન સામે યુધ્ધ છેડ્યું. યુક્રેને પણ નાટો સંગઠનમાં જોડાવાની ચેષ્ટા કરી. રશિયાના પ્રમુખ પુતિનને અમેરિકા અને નાટો સંગઠનના દેશો ભવિષ્યમાં રશિયાને ઘેરશે અને રશિયા સંકટમાં મુકાશે તેવી માનસિકતા થતા આ યુધ્ધ છેડાયું. રશિયન પ્રમુખ પુતિનના ઈગોએ પણ આ યુધ્ધ છેડવામાં મુખ્ય ભાગ ભજવ્યો.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પણ નાટો સંગઠનના દેશો અને અમેરિકા, રશિયા સામે યુધ્ધ લડવા તેમનું લશ્કર મોકલશે તેવી આશા સાથે પડકાર્યું. ઝેલેન્સ્કીનો આ જુગાર ખોટો પડ્યો અને તેને એકલા હાથે લડવું પડ્યું. યુધ્ધ યુક્રેનની ભૂમિ પર ખેલાયું, આ યુધ્ધમાં યુક્રેનના નિર્દોષ નાગરિકો માર્યા ગયા અને તેની રાજધાની કીવ સહિત ઘણા શહેરો તબાહ થયા. દુનિયાના દેશોએ રશિયા પર આર્થિક પ્રતિબંધો મૂક્યા. રશિયાને આર્થિક તેમજ લશ્કરના સૈનિકો અને શસ્ત્ર-સરંજામનું નુકશાન ઝીલવું પડ્યું.

### આ યુધ્ધ સામાન્ય માનવીને શું સંદેશો આપે છે ?

- પહેલું તો તમારા બાવડામાં બળ હોય તો જ બળીયા સાથે બાથ ભીડવી. કોઈના પર ભરોસો મૂકી કાર્યની કે યધ્ધની શરુઆત કરવી નહીં. નહિ તો હારવાની અને નુકશાન વેઠવાની તૈયારી રાખવી.
- અત્યારના સમયમાં તમે તમારા વિચારો કે સિદ્ધાંતો સાચા હોવાનું તમારી સમજ પ્રમાણેનો દાવો કરતા હો પણ તે ખોટા હોવાની પૂરેપૂરી શક્યતા છે. **At the larger interest of the country and people of country you should leave your personal EGO and make compromises.** સમય આવે ત્યારે નમી જવું અને પછી પોતાનું લક્ષ્ય સાધવા ચાણક્ય બુદ્ધિથી પ્રયત્ન કરવો.
- લડાઈ કે સ્પર્ધામાં સામી વ્યક્તિ ભલે નાની હોય પરંતુ તેની તાકાતને **Under Estimate** ન કરવી. નાની કીડી પણ હાથીને તકલીફમાં મૂકી શકે છે.
- તમે ગમે તેટલા બળવાન હો પરંતુ તમે ખોટી રીતે તમારાથી નબળી વ્યકિતને હેરાન-પરેશાન કરશો તો સામી વ્યક્તિ પોતાની શક્તિ મુજબ તમને ભારી નુકશાન પહોંચાડી શકશે અને સમાજ તમને ધુત્કારશે. તમારે સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડશે.

**ઉપર જણાવ્યા મુજબ વ્યવહાર કરવાનું જીવનમાં ઉતારશું તો હારવાનો કે કોઈના હરાવવાનો સંજોગ આવશે નહિ.**

**જીવન સુખમય વ્યતિત થઈ શકશે.**

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## વિમળાબાની વસમી વિદાય

- ઉષા ચંદ્રવદન શાહ

છેલ્લા વીસેક વર્ષથી વિમળાબા ગૃહમાતા બનીને રહ્યા અને મેળવેલું પદ શોભાવીને ગયા. વસમું લાગ્યું. ૮૯ વર્ષના વિમળાબા છેલ્લા ૨ વર્ષથી થાકનો અહેસાસ કરતાં. ૮૯ વર્ષ સુધી સક્રિય તો વિમળાબા જ રહી શકે. નખશિખ નિસ્વાર્થ સેવાભાવ, પ્રામાણિકતા, ગણતરીબાજ, વિમળાબાને કોટિ કોટિ વંદન.

વિમળાબા અશક્તાશ્રમમાં દાખલ થયા ત્યારે સખત ડિપ્રેશનમાં હતા. મોઢામાં એકબાજુથી લાળ ગળે. કઈ પૂછીએ તો બાઘા જેવા થઈ જાય. પૂછીએ તો કંઈક અને જવાબ મળે કંઈક. દાખલ થયા ત્યારે જે સંજોગોમાં આવ્યા'તા તે સાંભળીને અમે એમને સંભાળી લીધા.

વિમળાબાને ત્રણ દીકરી અને એક દીકરો. આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી. એકલા પતિના પગાર પર ઘર ન ચાલે. વિમળાબા સીવણ શીખેલા. તેમણે સીવણના શિક્ષિકા તરીકે સ્કુલમાં નોકરી કરી. કરકસર તો કોઈ વિમળાબા પાસેથી શીખે. ટૂંકી આવકમાં છ જણનું પોષણ થયું. વળી સરસ રીતે થયું. કશાની ઓછપ ન લાગી. તેમનું નાવ ધીમે ધીમે પણ સરળતાથી ચાલતું. ત્યાં પહેલો ધડાકો થયો. તેમને બહુ વ્હાલી દીકરીનું બે દિવસની માંદગીમાં મરણ થયું. તેમને સખત આઘાત લાગ્યો. આટલેથી પતતું નથી. તેમનો લાંબો પહોળો દેખાવડો હોંશિયાર દિકરો સ્કુલમાં લીડર તરીકે નીમાયો. અદેખા બધે જ હોય છે. એક ટોળકી તેની વિરુદ્ધ હતી. મજા કરવા જવાના બહાને કાંકરિયા લઈ ગયા. કાંકરિયા જઈને આ ટોળકીએ તેને ગળેથી પકડીને કાંકરિયા તળાવમાં ડુબાડી દીધો. દીકરો મરી ગયો. કેટલાક લોકો તેની લાશ લઈને ઘેર આવ્યા. વિમળાબા અવાચક થઈ ગયા. હદ બહારનો વલોપાત કર્યો. હસતો-કૂદતો ગયેલો છોકરો લાશ થઈને પાછો આવ્યો. વિમળાબા બઘવાઈ ગયા. ગાંડા થઈ ગયા. ત્રીજો ધડાકો ! થોડા સમય પછી તેમના પતિ ગુજરી ગયા. કલ્પના કરો વિમળાબાની !! બે દીકરીઓ પરણી ગઈ હતી. વિમળાબા એકલા પડ્યા. ઈશ્વરની લીલા સહેતુક હોય છે. "ભગવાનને ગમ્યું તે ખરું" કહીએ છીએ પણ સ્વીકારવું બહુ અઘરું છે. વિમળાબાનો પણ માર્ગ હવે બદલાય છે. જુદોજ માર્ગ- "ભક્તિમાર્ગ"

વિમળાબા દાખલ થયા ત્યારે અશક્તાશ્રમમાં માણેકબા ગૃહમાતા તરીકે હતાં. ખૂબ નિષ્ઠાવાન અને મહેનતુ. વિમળાબા આવ્યા. અશક્તાશ્રમ એ ફક્ત છાપરું નથી પણ છત્ર છે. વિમળાબાને બે વખત ન્હા અને બે વખત જમવાનું મળે એટલે કામ પતે તેવું નથી. વિમળાબાનું જીવન સહેતુક થાય-સાર્થક થાય એ જુએ છે. છાપરું આશરો આપે પણ છત્ર ઉછેર કરે. છાપરું છાયડો આપે પણ છત્ર માંહ્યલો જગાડે. માણેકબા લાગણીશીલ અને સમજુ હતા. વિમળાબાને અમે તેમને સોંપ્યા. "તમારી સાથે રાખો. તમે જે કરો તે તેમને જોવા દો. એમને જે કરવાનું ગમે તે કરવા દો. તમારી બાજુમાં જ તેમનો ખાટલો મળે તેની વ્યવસ્થા કરો. તે જે કહે તે સાંભળી લો. સામા પ્રશ્નો પૂછશો નહીં. તમે જ્યાં પણ જાઓ ત્યાં સાથે લઈ જાઓ" વિ. કહ્યું. માણેકબાએ તે પ્રમાણે પ્રામાણિકપણે કર્યું. અમે જોયું કે એક મહિનામાં તેમના મોઢામાંથી લાળ પડતી'તી તે બંધ થઈ ગઈ. બે મહિનામાં તો તેઓ કામોમાં રસ લેતા થયા. કામ કરવા લાગ્યા. તેમનો ઈન્ટરવ્યુ લીધો ત્યારે જ ખ્યાલ આવી ગયો હતો કે આ બાઘા અને લાળ પાડતા વિમળાબા - એ વિમળાબા નથી પણ આની પાછળ જિંદગીનો જંગ ખેલીને આવેલા વિમળાબા છે જે દેખાતા નથી. એ જાગશે જરુર જાગશે અને એવું જ થયું.

હવે વિમળાબા હારોહાર કામ કરવા લાગ્યા. માણેકબા તેમને સ્વતંત્રપણે કામ કરવાનું પણ આપવા લાગ્યા. વાણિયાની દીકરી અને કરકસરપૂર્વક જીવેલી વિમળાબાના કામોમાં ઝીણવટના દર્શન થવા લાગ્યા. માણેકબા મંદિરનું કામ પણ સંભાળતા. વિમળાબા તેમની સાથે સાથે જ મંદિરમાં વહેલી સવારે આવતા અને તેમના ભેગું કામ કરતાં. ટૂંકમાં જ્યાં માણેકબા ત્યાં વિમળાબા.

આમ બે-ત્રણ વર્ષ ચાલ્યું. શિબિર આવવાની હતી અમે સાત દિવસ અગાઉ જવાના હતાં. આગલે જ દિવસે સૌના આશ્ચર્ય વચ્ચે માણેકબાએ ચિરવિદાય લીધી. શૂન્યાવકાશ થઈ ગયો. નિરાધારપણાની લાગણી થઈ આવી. "But the.......... show must go on" આ સૂત્ર પ્રમાણે માણેકબા વિનાની સૂની શિબિર થઈ. શિબિરના રસોડાના સંચાલનમાં વિમળાબાએ તેમનું પાણી બતાવ્યું.

વિમળાબાની નિષ્ઠા, કામગરાપણું, પ્રામાણિકતા, નિયમિતતા જોઈને તેમની ઘણી ના છતાં પણ ચંદ્રવદનભાઈએ તેમને ગૃહમાતાનું બિરુદ આપ્યું. ઓફિસના પેપરવર્ક સિવાય સારાયે આશ્રમનું સંચાલન મંદિરથી માંડીને આખા દિવસની દિનચર્યાનું ખૂબ મોટું કામ આવી જાય છે. વિમળાબાની સ્હવાર-સ્હવાર ૪-૦૦ વાગ્યા પહેલા પડે. સ્હવારનો નિત્યક્રમ પતાવી ૫-૦૦ વાગે મંદિરના દરવાજા ખોલે. સાથે એક બીજા બહેન પણ મદદ માટે રહે. ભગવાનને સજ્જ કરવાના, દૂધ ધરાવવાનું. મંદિરમાં ઝાડુ-પોતા કરવાના, ચોખ્ખુ ચણાક જેવું કરવાનું. ખુરશીઓ પાથરવાની અને બરાબર ૬-૨૦ પ્રાર્થનાનો બેલ પડે. નિયમિતપણે ૬-૩૦ પ્રાર્થના શરુ થઈ જાય.

હવે વિમળાબા રાધાકૃષ્ણમય થઈ ગયા'તા. પોતાની વાત ભગવાને કરતા. ભગવાનની સામે શરતો પણ મૂકતા. ખૂબીની વાત એ છે કે ભગવાન પૂરી પણ પાડતા.

પૂર આવ્યું ત્યારે અશક્તાશ્રમ પણ ઝપટમાં આવ્યું હતું. બધા પહેલે માળે હતા આખીયે દિનચર્યા પહેલે માળે. પહેલેમાળેથી શ્રી રાધાકૃષ્ણને દૂધ ધરાવે-ભોગ ધરાવે. પાંચ દિવસ થયા. વરસાદ બંધ થવાનું નામ ન લે. 'પૂનિત મારે મંદિરમાં જવું છે. ભગવાનને વઢવું છે. તું મારી સાથે ચાલ નીચે."ઓ બા નીચે ના જવાય ખતરો છે." "તું ન આવવાનો હોય તો હું એકલી જઈશ પણ જઈશ." ન માન્યા. થાળીમાં ભગવાનને ધરાવવાનો રાજભોગ લીધો. માથે મૂક્યો. પૂનિતનો હાથ પકડી શ્રી રાધાકૃષ્ણ પાસે પહોંચ્યા. ભોગ ધર્યો. પછી કન્હૈયાને કહે 'હવે હદ થઈ પ્રભુ, તારે પગે પાણી અડેને પૂર ઓસરવું જોઈએ. બહુ પરીક્ષા લીધી અમારી.' ખરેખર એ દિવસ પછી પૂર ઓસરવા માંડ્યા. આ છે અમારા વિમળાબા.

સવારનું દૂધ, નાસ્તો, શાકભાજી, રસોઈ, સ્ટોરનું ધ્યાન સ્વચ્છતા આ બધા પર તેમની ઝીણવટની અને કરકસરની લાકડી ફરે. કરકસર તો કેવી ? અમારી સ્વજન ભાવના સૌને હસાવતા કહે છે કે "Reserve Bank" **માંથી ત્રણ લાખ કાઢવા સહેલા પણ વિમળાબા પાસેથી ત્રણ એલચી કઢાવવી મુશ્કેલ.** સશક્ત બા-દાદાઓને સક્રિય બનાવવા તેમનો ઝપાટો વાગે. નાના નાના પણ તે લોકો કરી શકે તેવા કામોમાં જોડે. આ આશ્રમ તમારી આળસ વધારવા માટે નહીં પણ ભગવાન પાસે જાઓ ત્યારે જણસ વધારવા માટે છે. ઉઠવા બેસવા સ્હવાર-સાંજ મંદિરમાં આવો. કર્મચારીઓનું કામો પર ધ્યાન આપો. કરી શકો તેવા કામો કરો. વિમળાબા કેટલીક વખત તો કેટલા કડક થાય કે અમારે વારવા પડે.

ઉભા પગે બેસી શકે અને પટ દઈને ઉભા થઈ જાય તેવા વિમળાબા પડ્યા. ફ્રેક્ચર થયું. ઓપરેશન થયું. શરુઆતમાં દીકરી-જમાઈ લઈ ગયા. થોડા દિવસમાં આશ્રમમાં મૂકી ગયા. એક જ પડખે સૂઈ રહેલા વિમળાબા ઘણા બધા ભાઠા (Bedsores) સાથે આવ્યા. દરરોજ ડ્રેસીંગ શરુ થયું. હવે ફીઝીયોથેરાપી કંઈ થઈ શકે તેમ હતી નહીં. ધીમે ધીમે વિમળાબા અંદરને અંદર ઉતરવા લાગ્યા. છેલ્લા પંદર દિવસથી ખાઈ શકતા નહોતા. બોલે તે ખબર પડતી નહોતી. અમે સૌએ ભગવાનને વિમળાબાને તેમના ચરણોમાં લેવાની પ્રાર્થના કરી.

અને..... છેવટે વિમળાબાએ શિવરાત્રીના દિવસે દેહ છોડી ઈશ્વર શરણ થયા. વઢતા પણ વ્હાલા વિમળાબાની વિદાયે સૌને રડાવ્યા. જુનો કર્મચારીવર્ગ બહુ રડ્યો.

ચાર ખભે ઉંચકી ચારેકોર વિમળાબાને ફેરવ્યા. સૌએ તેમની પ્રદક્ષિણા કરી ફૂલ પધરાવ્યા અને રડતી આંખે તેમને અલવીદા કહી.

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

### બધાઈ હો - બધાઈ

ઈસુનું નૂતન વર્ષ આશ્રમ માટે અનેક શુભ સંકેતો લઈને આવે છે. પહેલી જાન્યુઆરી એટલે દીર્ઘદૃષ્ટા શુભ વિચારોની ગંગોત્રી, કરૂણામૂર્તિ સેવા મૂર્તિ એવા અશક્તાશ્રમના સૌના આદરપાત્ર શ્રી ચંદ્રવદનભાઈ શાહનો જન્મ દિન ..... વૃદ્ધ ખરા પણ વિચારોથી સમૃદ્ધ મનોબળ. અશક્તાશ્રમનું મોબાઈલ ગ્રુપ શુભેચ્છા પાઠવવા સ્પર્ધામાં પડ્યું હોય તેવું લાગે. શ્રી ચંદ્રવદનભાઈ મુંબઈ હોવા છતાં શુભેચ્છાઓની પરસ્પર આપ-લેથી ડાકોરમાં જ હોય તેવું લાગે. એક જ સૂર શ્રી ચંદ્રવદનભાઈનું સ્વાસ્થ્ય કુશળ રહે. તે સ્વસ્થ તો આશ્રમ પણ સ્વસ્થ-તંદુરસ્ત.

### પતંગોત્સવ - બુસ્ટર ડોઝ

તા. ૪-૧-૨૦૨૨ના રોજ ડાકોરના વિવિધ પ્રાથમિક શાળાઓના બાળકોને માનભેર સન્માનભેર તેડાવ્યા. સ્વજનો વડીલશ્રી અશ્વિન ખંભોળજા કે.બી. શાહ, મહેન્દ્રભાઈ વાળા, પિન્કીબેન સબ બંદરકા વેપારી એટલે ભાઈ પૂનિત થકી સુંદર આયોજન થયું. કુલ ૨૨૯ બાળકો તેમની પ્રિયવસ્તુ પતંગ લેવા પધાર્યા હતા. બોલપેન, નોટ, પતંગ, ચીકી અપાયા. બાળકોએ સ્વાગત ગીત, શૌર્યગીત અને પ્રસંગને અનુરુપ હું પતંગ બની જાઉં.ગીતની આબેહુબ રજુઆત કરી. તેમના શિક્ષકોનો સહકાર નોંધનીય રહ્યો. યુનિફોર્મમાં ક્રમબદ્ધ, શિસ્તથી બાળકો આવે અને વસ્તુ સ્વીકારે. સ્વજનો વડીલોને પગે લાગે. એક લાગણીપ્રધાન હર્ષ આંસુ ઉપજાવતું વાતાવરમ સર્જાયું. કોરોના કોરે મુકાઈ ગયો હોઈ આ શક્ય બન્યું. તેનો આનંદ હતો. કેબીશાહે પતંગના અર્થો બતાવ્યા. કોઈને તંગ ન કરીએ તે પતંગ. એજ પતંગ એજ વસંત. તા. ૧૧-૧-૨૦૨૨ના રોજ સરકારી દવાખાનેથી ત્રીજો બુસ્ટર ડોઝ રસી મુકવા આખું તંત્ર આશ્રમના પરિસરમાં પધાર્યું હતું. જેમને બુસ્ટર ડોઝ લેવાનો સમય થઈ ગયો હતો તેની ચોકસાઈ કરી આશ્રમવાસી વૃદ્ધોને કોઈ જાતની તકલીફ ન પડે તે રીતે નર્સ બેનોએ કામ કર્યું. આવનાર સૌ આરોગ્ય કર્મીઓનું સ્વાગત કરવામાં આવ્યું. આભાર માનવામાં આવ્યો. તેઓ પણ આશ્રમની સુંદર છાપ લઈને ગયા. કુલ ૨૪ આશ્રમવાસીઓને લાભ મળ્યો.

ઉત્તરાવસ્થાને ઉત્તમાવસ્થા સુધી લઈ જવાના અનેક પ્રયત્ન આશ્રમ કરી રહ્યું છે. આશમરમાં ઉત્તરાયણમાં ભાવનાત્મક રીતે ઉજવાઈ.

### પ્રજાસત્તાક દિનની ઉજવણી

૨૬મી જાન્યુઆરી ૭૩મા પ્રજાસત્તાક દિન. ખાસ વડીલશ્રી ચંદ્રવદનકાકાના આદેશથી સ્વજન કે બી શાહના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન થયો. વંદે માતરમ્ અને જન ગણ મન એકી અવાજે શિસ્તબદ્ધ રીતે ગવાયા.કે બી શાહે પ્રાસંગીક પ્રવચન કરી પર્વનો મહિમા સમજાવ્યો. શ્રી વિનોદભાઈ સુખડીઆ શ્રી અશ્વિનભાઈ ખંભોળજા એ મહિમા કર્યો. શ્રી ચંદ્રવદનભાઈ સુશ્રી ઉષાબેનના આગ્રહથી ફાફડા જલેબી ચટણી સ્થળ પર જ બનાવડાવી ખવડાવવાનો સઘન પ્રયત્ન થયો. ગાર્ડનમાં જ પ્રજાસત્તાક દિન સાથે પિકનિક, આમલી પીપળીનો આનંદ લૂંટાયો.

### વિવિધ કાર્યક્રમોની ભરમાર

શ્રી ચંદ્રવદનભાઈ આવે એટલે નાદુરસ્ત તબિયત હોવા છતાં જેમનો જીવ હંમેશા આશ્રમના સજીવો પ્રત્યે ચિંતિત રહે છે તેવા શ્રી ચંદ્રવદનભાઈ ડાકોર આવે એટલે આશ્રમના કાર્યક્રમોની ભરમાળથી ચકરાવે ચઢે. સુશ્રી ઉષાબેનના આયોજનમાં છાંટ જોવા મળે જ. રોજ નવો કાર્યક્રમ.

તા. ૧૫-૨ના રોજ અજયગાર્ડનમાં આશ્રમવાસીઓની મીટીંગ, સૌની પરસ્પર કુશળતા પુછાઈ. ટ્રસ્ટીશ્રી ઉત્પલભાઈ, માટીના કુલડામાં મસાલાવાળું ડ્રાયફ્રુટવાળુ કઢેયું દૂધ સૌને પીવડાવ્યું. કાકા તરફથી સૌને સ્મૃતિ ભેટ તરીકે સન્માન તરીકે રૂા.૧૦૦ની ભેટ અપાઈ. એક આ ભાવ છે. દિકરો પણ બાપને આપે. જેનો અનેરો આનંદ હોય.

તા. ૧૮-૨-૨૨ના રોજ અજયગાર્ડનમાં અંતાક્ષરીનો આનંદ લૂંટાયો. સુશ્રી ઉષાબેન પણ સૌને પાનો ચઢાવે. પુનિત ઢોલના નાદે વાતાવરણ ગુંજતું કરે.ઉંમરનું કોઈ ભાન ન રાખે. આટલી ઉંમરે આ ગીત ગવાતું હશે, અમારા જમાનામાં તો બા માથે ઓઢી ઓઢીને ફરવાનું ને મર્યાદા-મર્યાદા કરીને મરવાનું.

તા. ૨૦-૨-૨૦૨૨ તા. ૨૧-૨-૨૦૨૨ કથાનું આયોજન થયું. પ્રખર વક્તા શ્રી ઉમેશભાઈ શાસ્ત્રીના મુખે જીવન એક સંઘર્ષ, વ્યાખ્યાનમાળા યોજાઈ. બીજે દિવસે કર્મનો સિદ્ધાંત સમજાવાયો. જેનો લાભ વર્ષો પહેલા ગાંધીએ સવિશેષ સમજાવ્યો હતો. ટ્રસ્ટીગણ, સ્વજન, આશ્રમવાસી આમંત્રિતોએ આ વિશાળ સંખ્યામાં આ રસપાન કર્યુ.

### તા. ૨૧-૨-૨૦૨૨, ભજન સંધ્યા

ભાઈશ્રી પૂનિત, શ્રી જયરામભાઈ, શ્રી રાજુ, શ્રી અનિલ પ્રભુ, ભાઈશ્રી કમલેશે ભજન રમઝટ બોલાવી.તા. ૨૩-૨-૨૦૨૨ બોલ પાસીંગની રમત વૃદ્ધોને રમાડાઈ.

### શ્રી કૃષ્ણાશ્રય ગૌશાળા બાળમિલન

વડીલ શ્રી ચંદ્રવદનભાઈના વિચારોની ગંગોત્રીમાંથી એક નવતર પ્રયોગ સર્જાયો. દંડીસ્વામીના નેજા હેઠળ ચાલતી ને મુખ્યદાતાશ્રી ચંદ્રવદનભાઈના સહયોગથી શરુ થયેલ કૃષ્ણાશ્રય ગૌશાળા પ્રતિ માસે ડાકોરની પ્રાથમિક શાળાઓના બાળકોનું સ્નેહમિલન કરીએ. જેથી ગાયનું મહત્વ સમજાય. બાળકોમાં સંસ્કાર સિંચનનું કામ થાય. સૌ હળેમળે. તા. ૨૩-૨-૨૦૨૨ના રોજ આ માટે પ્રથમ પ્રયત્ન થયો. ભરતજીવનથી આગળ જતા મલાઈ રોડ પર આદિવાસી હરિજન બાળકોની શાળા છે. સાંજના ૪ કલાકે બાળકો શિક્ષકગણ પધાર્યા. શ્રી ચંદ્રવદનભાઈ, સુશ્રી ઉષાબેન, શ્રી ઉત્પલભાઈ, શ્રી માલવભાઈ, સ્વજન કેબી શાહ, મહેન્દ્રભાઈ ડી વાળા.પ.પૂ. વિજયદાસજી દંડીસ્વામી મળ્યા. ગૌશાળાનું નૈસર્ગિક વાતાવરણ સોનામાં સુગંધ ભેળવતું હતું. બાળકોએ હાથ ઉંચા કરી સૌનું સ્વાગત કર્યું. પ્રાર્થના કરી. પૂ.શ્રી દંડીસ્વામીએ વિગતે ગાયનું મહત્વ સમજાવ્યું. શ્રી ચંદ્રવદનભાઈએ આ પ્રયત્નનો શુભ આશય સમજાવ્યો. બાળકો આવતા થાય તો ગૌશાળામાં તેમના વડીલો પણ આવતા થાય. કેબી શાહે પ્રાસંગીક ઉદબોધન કર્યું. કવિમિત્ર અને બાળવાર્તાકાર શિક્ષક એવા મહેશ પરમાર બાળકોના લેખક હોઈ ખાસ આમંત્રિત કર્યા. તેમણે પણ બાળગીતો બાળવાર્તાનું રસપાન કરાવ્યું. પ્રથમ પ્રયત્ન હતો. પરંતુ આનંદિત રહ્યો. હેતુલક્ષી રહ્યો. બાળકોને કાકા તરફથી ગરમ-ગરમ સમોસા-ચટણીનું આયોજન થયું. પ્રતિમાસ શાળાઓ બદલાતી રહેશે. રૂા. ૫૦૦૦ની કાકાએ ખર્ચ કરવાની કેબી શાહને છૂટ આપી છે.

### ધાનદાન પ્રયોગ -૨૬

કોરોનાનો કહેર ઓછો થતાં અશક્તાશ્રમના ટ્રસ્ટીઓએ પૂરતી કાળજી લઈ ધાન-દાનનો પ્રયોગ તા. ૨૪-૨ અને તા. ૨૫-૨ના રોજ કરવાનું નક્કી કર્યું. ચંદ્રવદનભાઈની ઉત્સાહ પ્રેરક હાજરી અને ધાનદાન માટે વિશિષ્ટ સેવાઓ આપતાં શ્રી મહેન્દ્રભાઈવાળા તથા યોગેશભાઈ શાહ અને ભાઈશ્રી પાર્થનું ફૂલોના બુકેથી સ્વાગત કર્યું અને તેમની સેવાઓ બિરદાવી.

ધાન-દાન કાર્યક્રમ સફળ બનાવવા સર્વે વોલેન્ટીયર્સ, પુનિત અને નોંધપાત્ર સેવાઓ આપનાર ભાઈશ્રી ઉત્પલ અને ભાઈશ્રી માલવની હાજરી અભિનંદનીય હતી.

હંમેશ મુજબ લગભગ રૂા. ૭૦૦ થી ૮૦૦ જેટલી જીવન જરુરીયાતની કીટ ૯૦૦ જેટલા ડાકોરની આજુબાજુના ગામના રહેવાસીઓ અને ડાકોરની વિધવા બહેનોને આપવામાં આવી. ડાકોરના આજુબાજુના ગામના લાભાર્થીઓની શિસ્તબદ્ધ રીતે જરાપણ ઉતાવળ-દોડાદોડી કર્યા વગર કીટ વિતરણના કાર્યક્રમમાં સહકાર આપ્યો તે અભિનંદનને પાત્ર છે.

### શ્રદ્ધાંજલિ

આશ્રમના મીરા વિમળાબા રાધાકૃષ્ણમય હતા. સદેહે પણ આત્માથી પણ થઈ ગયા. ગૃહમાતા તરીકે વર્ષોથી તેમણે સેવાઓ આપી વહેલી પરોઢે ઉઠી જવું. રાધાકૃષ્ણને સ્નાન, વસ્ત્રાભૂષણ, આરતી જેવા તહેવાર એવી વેશભૂષા. શિબિરમાં પણ ખડેપગે એવા કોઠાર ઉપર પણ સતત ધ્યાન. સૌને સાથે રાખવા ભજન કિર્તન એક સમર્પિત આશ્રમનો જીવ તે હતા. વિધિવિધાન સાથે તેમની અશ્રુભીની નજરોએ વિદાય અંતિમક્રિયા થઈ. સાથે આખો આશ્રમ દુઃખ અનુભવતો હતો. તેમની દીકરી આવેલ, તેનું કલ્પાંત પણ જોવાય નહીં તેવું હતું.

-વિનોદભાઈ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)

**આત્મ મંથન**

અન્યની ત્રુટિ (દોષ) શોધવામાં માણસ પારંગત છે. પરંતુ પોતાની ત્રુટિઓને જાણવી એ દુર્ગમ છે. જે દિવસે સ્વચિંતનમાં પોતાની ત્રુટિનું ભાન થાય તે ઉત્તમ વિચાર છે. અને આ વિચાર જે દિવસે આવે તે તમારા જીવનનો શ્રેષ્ઠ દિવસ સમજવો. આ ત્રુટિમાં હવે તમે કાયમ જ રહેવાના છો તેવું નથી. પરંતુ હવે જીવનમાં તમે એક નવું બળ પ્રાપ્ત કરવા જઈ રહ્યા છો તે નિશ્ચિત વાત છે. તમારા જીવનનો આ ટર્નીંગ પોઈન્ટ છે. તેનો સમજપૂર્વક સંભાળી લેશો તો જીવન ઉત્થાનની દિશામાં તમે ઉડાન ભરી છે તેમ અવશ્ય કહી શકાય.

જીવમાત્ર અપૂર્ણ છે. તેને પૂર્ણ બનવાના કોડ, જાગે તે સ્વાભાવિક પ્રક્રિય ાછે. જીવનમાં જે કાંઈ ખૂટે છે તેને તે જાણી લે છે. અને તેની પૂર્તિ માટે તે મથામણ કરે છે. ભૌતિકતાની પૂર્તિ માટે તેનો પુરુષાર્થ અને ભાગ્ય તેને અવશ્ય મદદ કરે છે. પરંતુ આંતરિક પૂર્તિ માટે તેને આધ્યાત્મિક માર્ગદર્શન જ કામ આવે છે. સત્સંગ દ્વારા તેને જ્યારે આ વાતની ખબર પડે છે ત્યારથી તે દિશામાં તે ગતિ શરુ કરે છે. તૃપ્તિ, સંતોષ, આનંદ આ બધા તેની અંદરની પૂર્તિ માટે જરૂરિયાતના માધ્યમો છે. અને તેની પ્રાપ્તિ માટે તેણે પોતે જ સજ્જ થવું પડે છે.

પરિસ્થિતિ માટે અન્યના દોષ જોવાનું બંધ થાય અને વ્યક્તિ વિશેષ માટેની ફરિયાદ બંધ થાય ત્યારે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ બને છે. આ માટે તેણે શરુ કરેલો સંઘર્ષ તેની સાધના બની જાય છે. હવે તે સહન કરવા અને જતું કરવા તૈયાર થાય છે. અહીં થોડી પણ તેને સફળતા મળવાની શરુ થશે તેની સાથે તેનું આંતરિક બળ વધતું જાય છે. આ મળેલું બળ જ તેને જીવનની સાર્થકતા તરફ દોરી જાય છે. જીવનમાં સફળતા કરતાં સાર્થકતાનું મહત્વ વિશેષ છે.

સાર્થક જીવન એટલે જીવનને સંતોષપૂર્વક જીવવું. આનંદમય જીવવું, પ્રસન્નતાપૂર્વક જીવવું તે છે. આવું જીવન જીવતાં જીવતાં મૃત્યુ તરફની ગતિ છે. નિષ્ફળ વ્યક્તિઓની ગતિ મરતાં મરતાં મૃત્યુની ગતિ હોય છે.

અશક્તાશ્રમમાં રહેતી દરેક વ્યક્તિ આ દિશામાં ચિંતન શરુ કરશે તો તેના ઘણા ખરા આંતરિક અસંતોષનો ઉકેલ તેને અવશ્ય મળશે. તેમાં સ્હેજ પણ શંકાને સ્થાન નથી.

સ્વામી વિવેકાનંદની ઉક્તિ જાણીતી છે. **''ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.''**

અહીં ઉઠવું શરીર સંબંધી છે, જાગવું આત્મા સંબંધી સૂચન છે. ઉઠવું પુરુષાર્થ સૂચક છે જ્યારે જાગવું પરમ અર્થ સૂચક છે. ક્રોધ ના કરવો સમજાય તે ઉઠવું છે પરંતુ ક્રોધ જન્ય પરિસ્થિતિમાં ક્રોધને કાબુમાં રાખી વર્તન કરવું તે જાગવું છે. લોભને જાણવો અલગ બાબત છે પરંતુ પ્રલોભન સમયે લોભને જતો કરવો તે જાગવું છે. જરુર પૂરતી સંપત્તિ મેળવવી તે ખોટું નથી પરંતુ તૃષ્ણાની પુરતી માટે ગમે તેમ કરીને સંપત્તિ મેળવવા મથામણ કરવી તે પતનનો રાહ છે. પોતાના દોષોને જાણવા તે ઉપર ઉઠવાની પ્રક્રિયા છે પરંતુ તેમાંથી મુક્ત થવા માટેનો પ્રબળ પુરુષાર્થ આદરવો તે જાગરણ છે. જીવનના અંતિમ તબક્કે જાગી જવું તે અતિ મહત્વનું છે. આપણું જીવન સંતોષ, આનંદ અને પ્રસન્નતાથી ભરવા લાગે તો સમજવું તમે જાગ્યા છો. સાર્થક જીવન જીવવા માટે જાગવું અનિવાર્ય છે.

આપ સૌનું જીવન સાર્થક બની રહે એ જ અભ્યર્થના કરું છું. આપ સૌ પણ પરમાત્માને પ્રાર્થના કરી સાર્થક જીવનની માંગણી કરો સાચા હૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. પરમાત્માની સહાય અવશ્ય મળશે. શ્રદ્ધા સહિત વિશ્વાસ રાખશો.

---

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

પ્રેષક :

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,

ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦